| | | |
|---|---|---|
| सत्यमेव जयते | દાખલ તારીખ | ૨૬/૦૪/૨૦૨૨ |
| | રજીસ્ટ્રેશન તારીખ | ૨૬/૦૪/૨૦૨૨ |
| | ફેંસલ તારીખ | ૦૮/૦૪/૨૦૨૬ |
| | સમયગાળો | **વર્ષ - માસ - દિવસ**<br>**૦૩ - ૧૧ - ૧૩** |

**મે. અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (શ્રી એન. જે. નાચી) સાહેબની કોર્ટ સમક્ષ,**
**મુ. કલોલ, જી. ગાંધીનગર.**

**ક્રિમીનલ કેસ નં.૧૨૮૨/૨૦૨૨**

**આંકઃ**

(કલોલ તાલુકા પો.સ્ટે. ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૧૬૦૨૪૨૧૦૭૨૧/૨૦૨૨)

| | | | |
|---|---|---|---|
| **ફરિયાદી** | **:** | | **શ્રી સરકાર**<br>**(ઓમ ભાવિકકુમાર રાવલ)** |
| **આરોપી** | **:** | **૧.** | **મુકેશકુમાર શંકરજી મીણા**<br>રહે : કલાસાગર મોલ સામે, મહેશભાઈની ચાલી, રૂમ નં.૨, ઘાટલોડીયા, અમદાવાદ. |
| **ફરિયાદ પક્ષે** | **:** | | **વિ.એ.પી.પી. કુ. જી. આર. પ્રજાપતિ** |
| **આરોપી પક્ષે** | **:** | | **વિ.વ.શ્રી એ.એ.વ્યાસ** |

**ફોર્મ - "બી"**

| | | |
|---|---|---|
| **ગુન્હાની તારીખ** | **:** | તા.૩૦/૧૨/૨૦૨૧ |
| **એફ.આઈ.આર. તારીખ** | **:** | તા.૩૦/૧૨/૨૦૨૧ |
| **ચાર્જશીટ રજુ તારીખ** | **:** | તા.૨૬/૦૪/૨૦૨૨ |
| **તહોમતનામું ઘડયા તારીખ** | **:** | તા.૦૯/૦૩/૨૦૨૩ |
| **પુરાવો શરૂ કર્યા તારીખ** | **:** | તા.૧૭/૧૦/૨૦૨૩ |
| **ચૂકાદા પર રાખ્યા તારીખ** | **:** | તા.૦૮/૦૪/૨૦૨૬ |
| **ચૂકાદા તારીખ** | **:** | તા.૦૮/૦૪/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ, જે હોય તો** | **:** | – |

## આરોપીની વિગતો

| | |
|---|---|
| **આરોપીનું નામ** | મુકેશકુમાર શંકરજી મીણા. |
| **ધરપકડની તારીખ** | તા.૨૦/૦૧/૨૦૨૨ |
| **જામીન પર મુક્ત કર્યા તારીખ** | – |
| **આક્ષેપિતગુન્હો** | ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૭૯,૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ ૧૭૭, ૧૮૩, ૧૮૪, ૧૮૭, ૧૩૪(બી) મુજબ |
| **નિર્દોષ/સજા** | નિર્દોષ |
| **કરવામાં આવેલ સજા** | – |
| **ફો.કા.સં. ની કલમ–૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયતનો સમયગાળો** | – |

## ફોર્મ – "સી"

### એ. ફરિયાદ પક્ષ તરફેના મૌખિક પુરાવાનું લીસ્ટઃ–

| અ.નં. | આંક | વિગત | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| **૧.** | **૦૮** | ઓમ ભાવિકકુમાર રાવલ. | ફરિયાદી |
| **૨.** | **૧૦** | મીત મુકેશભાઇ પટેલ. | પંચ સાહેદ |
| **૩.** | **૧૨** | જીગર ચંદ્રકાંત શાહ. | પંચ સાહેદ |
| **૪.** | **૨૩** | રાવલ આશા ભાવિકકુમાર. | સાહેદ |
| **૫.** | **૨૫** | મોદી હર્ષકુમાર ગંગારામ. | સાહેદ |
| **૬.** | **૨૭** | દિલીપસિંહ કુંવરજી ઠાકોર. | ત.ક.અમલદાર |

### બી. ફરિયાદ પક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાનું લીસ્ટઃ–

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| **૧.** | ૦૯ | અસલ ફરિયાદ. |
| **૨.** | ૧૧ | ગુન્હાવાળી જગ્યાનું અસલ પંચનામું. |
| **૩.** | ૨૪ | આર.ટી.ઓ. ઈન્સ્પેકટરનો અકસ્માત રીપોર્ટ. |
| **૪.** | ૨૮ | અસલ સૂચિપત્ર–કમ–ડેપ્યુટ હુકમ. |
| | ૨૯ | ઈન્કવેસ્ટ પંચનામુ |

**–: ચૂકાદો :–**

**--------**

**ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકતઃ**

(૦૧) ફરિયાદ પક્ષના કેસની સંક્ષિપ્ત હકીકત એવી છે કે, તા.૩૦/૧૨/૨૦૨૧ ના કલાક–૧૯:૦૦ વાગે મોજે કલોલ ગાયત્રી મંદીર સામે મહેસાણાથી અમદાવાદ તરફ જતા હાઇ–વે રોડ ઉપર પોતાની લગ્ઝરી બસ નં.જી.જે.૦૧ એફ.ટી.૯૮૯૮ ની પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ફરિયાદીના દાદા મહેન્દ્રકુમાર ઉમીયાશંકર રાવલનાઓ રોડ ક્રોસ કરતાં હતાં ત્યારે ટકકર મારી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડેલ, તેમજ કપાળના ભાગે તથા માથાના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ કરી મોત નિપજાવી પોતાની બસ મુકી નાસી જઈ **ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૭૯, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ ૧૭૭, ૧૮૩, ૧૮૪, ૧૮૭, ૧૩૪(બી)** મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ રાખેલ છે.

**ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ અન્વયે કેસ પેપર્સની નકલો બાબતઃ**

(૦૨) આ કામે તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજુ કરતાં, આ કામે આરોપીને ફોજદારી સી.આર.પી.સી.ની કલમ–૨૦૪ અન્વયે સમન્સ જારી કરવામાં આવેલ જે આરોપીને બજી જતા આરોપી અદાલત રૂબરૂ હાજર થયેલ, તેઓને સી.આર.પી.સી. ની કલમ–૨૦૭ પ્રમાણે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ **આંક–૦૩** થી આરોપીની પ્લી નોંધતા આરોપીએ તેઓની સામેના ગુન્હાનો ઈન્કાર કરેલ. જેથી, આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી ખુલ્લી અદાલતમાં આગળ ચલાવવામાં આવેલ છે.

**ફરિયાદ પક્ષના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા બાબતઃ**

(૦૩) ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં ઉપરોક્ત **ફોર્મઃસી** માં ફરિયાદ પક્ષના સાક્ષીઓની યાદીમાં જણાવ્યા મુજબના સાહેદોનો મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ છે, તેમજ ફરિયાદ પક્ષના આંકે પડેલ દસ્તાવેજોની યાદીમાં જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**ક્રિમીનલ પ્રોસીઝડ કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદનઃ**

(૦૪) ફરીયાદ પક્ષે તરફે પુરાવો પૂર્ણ થયા બાદ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધતા આરોપીએ ફરિયાદ પક્ષના સમગ્ર પુરાવાનો ઈન્કાર કરી જણાવેલ છે કે, ખોટા પુરાવા ઉભા કરી ખોટું ચાર્જશીટ કરેલ છે, અમો આરોપી ગરીબ માણસ છીએ, આવો કોઈ ગુન્હો કરેલ નથી, માત્ર શંકાના આધારે અમોને આરોપી તરીકે લીધેલ હોઈ, દયા કરવા વિનંતી કરેલ છે. આરોપીએ જાતે સોગંદ ઉપર પુરાવો આપેલ નથી કે, બચાવના સાક્ષી તપાસવાનું પસંદ કરેલ નથી.

**(૦૫) આ કામના ન્યાયિક નિર્ણય હેતું મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.**

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૩૦/૧૨/૨૦૨૧ ના કલાક–૧૯:૦૦ વાગે મોજે કલોલ ગાયત્રી મંદીર સામે મહેસાણાથી અમદાવાદ તરફ જતા હાઇ–વે રોડ ઉપર પોતાની લગ્ઝરી બસ નં.જી.જે.૦૧ એફ.ટી.૯૮૯૮ ની પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ફરિયાદીના દાદા મહેન્દ્રકુમાર ઉમીયાશંકર રાવલનાઓ રોડ ક્રોસ કરતાં હતાં ત્યારે ટકકર મારી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડેલ, તેમજ કપાળના ભાગે તથા માથાના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ કરી મોત નિપજાવી પોતાની બસ મુકી નાસી જઈ **ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૭૯,૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ ૧૭૭, ૧૮૩, ૧૮૪, ૧૮૭, ૧૩૪(બી)** મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આચરેલ છે ?

૨. શું હુકમ ?

**(૫.૧)** ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે અત્રેની કોર્ટના નિર્ણયો અને કારણો નીચે મુજબ છે.

૧. નકારાત્મક.

**૨. આખરી હુકમ મુજબ.**

**(૦૬) રેકર્ડ થયેલ પુરાવાનો ટૂંકસારઃ–**

**(૬.૧)આંક–૦૮** થી જુબાની આપનાર **ફરિયાદી – ઓમ ભાવિકકુમાર રાવલ** નાઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ''બનાવ તા.૩૦ ડિસેમ્બર, ૨૦૨૧ ના સાંજે ૦૭,૦૦ વાગ્યે હું અને મારા મમ્મી બજારમાંથી ઘર તરફ જતાં હતાં ત્યારે અમારા ઘરથી નજીક આવેલ રોડ ઉપર લોકોનું ટોળુ ભેગું થયેલું હતું. તેથી મને લાગેલું કે કોઈ અકસ્માત થયેલો છે. ત્યારે ટોળામાંથી લોકો વાતો કરતાં હતાં કે અમારી

સોસાયટીમાંથી કોઈ વ્યક્તિનો અકસ્માત થયેલો છે. તેથી હું અને મારા મમ્મી અમારૂ એક્ટીવા પાર્ક કરી અકસ્માત જોવા ગયેલા અને અમદાવાદ મહેસાણા હાઈવે પર એક બસ ઉભેલી હતી અને ઈજા પામનાર વ્યક્તિ ઉધો પડેલો હતો અને જે વ્યક્તિનો અકસ્માત થયેલો હતો તે મારા દાદા હતાં, તેથી હું મારા દાદા પાસે ગયેલો અને જોયેલું કે, મારા દાદાને માથામાં કપાળથી લઈ પાછળના ખભા સુધી ઉંડો ઘા હતો, જેમાંથી લોહી નીકળતું હતું અને જમણા હાથે તેમજ બંને પગ છોલાઈ ગયેલા હતાં. જેથી કોઈએ પ્રાઈવેટ એબ્લુયલન્સ બોલાવી સિવિલ હોસ્પિટલ, કલોલ ખાતે મારા દાદાને લઈ ગયેલા અને ત્યાં તપાસ કરી દાદાને મરણ જાહેર કરેલા. આ અકસ્માત મારા દાદા મંદિર ગયેલા અને રોડ ક્રોસ કરી આવતાં હતાં ત્યારે એક સ્ટાફ બસ જેનો નં.જી.જે.૦૧ એફ.ટી.૯૮૯૮ એ ટક્કર મારેલી અને સ્થળ ઉપર ઉભેલા માણસોએ જણાવેલું કે, લક્ઝરી બસવાળો ડ્રાઈવર ત્યાંથી નાસી ગયેલ. લક્ઝરી બસની સ્પીડ ખૂબ વધારે હતી, તે પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી તથા લકઝરી બસની હેડલાઈટ બંધ હતી અને મારા દાદા જે રોડ ક્રોસ કરતાં તેઓને ટક્કર મારી, અકસ્માત કરી માથામાં ગંભીર ઈજાઓ કરી મોત નીપજાવી વાહન મુકી નાસી ગયેલ. જેથી, આ ડ્રાઈવર વિરૂદ્ધ બનાવ બાબતે મે પો.સ્ટે.માં ફરિયાદ આપેલી. મને અસલ ફરિયાદ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તેમા મારી સહી છે, જે હું ઓળખું છું. જેને રજુ દાખલ આંક ૮ આપવામાં આવે છે. અકસ્માતના સ્થળ ઉપર ભેગા થયેલા ટોળાએ જણાવેલ કે, બસ પુરઝડપમાં હતી કે અકસ્માત થનાર વ્યક્તિને ટક્કર મારી. ઉછાળીને પછાડીને ડિવાઈડર ઉપર પડેલા હતા. ફરિયાદ લીધા બાદ પોલીસે અમને બોલાવી આરોપીની ઓળખ કરાવેલી. મને કોર્ટ રેકર્ડમાંથી આરોપીનો ફોટો બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તે તે જ વ્યક્તિ છે.''

સદર સાહેદે બચાવપક્ષે હાથ ધરેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, ''બનાવ સમયે હું બજારમાંથી ઘરે આવતો હતો. એ વાત ખરી નથી કે, મે મારી પોલીસ રૂબરૂની ફરિયાદમાં હું બજારમાંથી ઘરે આવતો હતો તેવી હકીકત લખાવેલ નથી. એ વાત ખરી છે કે, અકસ્માતવાળો બનાવ મે નજરે જોયલ નથી અને અકસ્માત અંગે મને વાતોવાતથી જાણવા મળેલ. એ વાત ખરી છે કે, હું અકસ્માતવાળા સ્થળે પહોંચ્યો ત્યારે ત્યાં ઘણા માણસો ભેગા થઈ ગયેલા. એ વાત ખરી છે કે, બનાવવાળા સ્થળે હું અને મારી માતા તથા પડોશીઓ પહોંચેલા અને તેમના કહેવાથી ફરિયાદ આપેલી. એ વાત ખરી નથી કે, સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું.''

(૬.૨) **આંક : ૧૦** થી જુબાની આપનાર **પંચ સાહેદ – મીત મુકેશભાઇ પટેલ** નાઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ''બનાવ વર્ષ – ૨૦૨૧ મા બનેલો. બનાવ સાંજના છ–સાત વાગ્યાની આસપાસ બનેલો. બનાવ વખતે હું સ્થળ ઉપર હાજર હતો. મારા પિતાજી ત્યાં તેમના મિત્રની ઓફિસે બેઠેલા હોઈ. તેથી હું તેમને મળવા ગયેલો. ત્યારે મહેસાણાથી અમદાવાદ તરફ જતી એક બસ પુરઝડપે આવી મહેન્દ્રભાઈ રાવલને અકસ્માત કરેલો. આ બસની હેડલાઈટ બંધ હતી. મહેન્દ્રભાઈને અકસ્માત થતાં તેઓ રોડ ઉપર ડીવાઈડરની બાજુમાં પડેલ હતાં અને મે જોયેલ તો તેઓને શરીરે ઘણી ઈજાઓ થયેલી હતી. તેઓને માથા ઉપર તથા હાથ–પગ ઉપર ગંભીર ઈજાઓ થયેલી હતી. તેઓને માથામાંથી લોહી નીકળતું હતુ. પંચનામા વખતે મારી સાથે જીગર ચંદ્રકાન્ત શાહ હતાં. અકસ્માતવાળી જગ્યાની સામેની બાજુએ રોડ ઉપર ગાયત્રી મંદિર હતું અને અકસ્માતવાળી બાજુએ ખોડીયાર ભોજનાલય આવેલ છે. મને અસલ પંચનામું બતાવવામાં આવે છે તે જોઈને કહુ છું કે તેમા પંચ નં.૧ તરીકે મારી સહી છે જે હું ઓળખું છું, જેને રજુ દાખલ **આંક–૧૧** આપવામાં આવે છે. અકસ્માતવાળી જગ્યાએ બસ હતી જે સફેદ કલરની હતી. અકસ્માત મેં નજરે જોયેલ હતો. અકસ્માતવાળી બસ પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી રહેલ અને તેને ડ્રાઈવર અકરમાત થતાં ભાગી ગયેલો.''

સદર સાહેદે બચાવ પક્ષે હાથ ધરેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે, અકસ્માત થયો ત્યારે હું મારા પિતાજીના મિત્રની ઓફિસમાં મારા પિતાજીને મળવા ગયેલો. એ વાત ખરી છે કે, અકસ્માતનું પંચનામું પોલીસે તૈયાર કરેલું અને મે અકસ્માત જોયેલ હોઈ અને હું ઓળખતો હોઈ મે સહી કરેલી. એ વાત ખરી નથી કે, આ અકસ્માત મે નજરે જોયેલ નહી. હું બસના ડ્રાઈવરને ઓળખતો નથી. એ વાત ખરી નથી કે, આ કામના ફરિયાદી મારા સોસાયટીમાં રહેતા હોઈ, તેમના સમર્થનમાં હાલની ખોટી જુબાની આપું છું.''

(૬.૩)**આંક : ૧૨** થી જુબાની આપનાર **પંચ સાહેદ – જીગર ચંદ્રકાંત શાહ** નાઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ''બનાવ તા.૩૦/૧૨/૨૦૨૨ ના રોજ બનેલો, હવે કહું છું કે, ના રોજ બનેલો. બનાવ સમયે હું નાગછાયા નામના પાનના ગલ્લે ઉભેલ હતો. અકસ્માતવાળો છું કે, અકસ્માત તા.૩૦/૧૨/૨૦૨૧ બનાવ સાંજના ૦૬.૩૦ થી ૦૭.૦૦ વાગ્યાની વચ્ચે બનેલો. બનાવ મે નજરે જોયેલો. અકસ્માતવાળો બનાવ અમદાવાદ–મહેસાણા હાઈવે ઉપર બનેલો. લક્ઝરી બસ અમદાવાદ તરફથી છત્રાલ તરફ જતી હતી અને અકસ્માતવાળી જગ્યાએ પુરઝડપે

આવતી હતી અને મહેન્દ્રભાઈને ટક્કર મારેલી. ટક્કર વાગવાથી મહેન્દ્રભાઈ ઉછળીને નીચે રોડ ઉપર ડીવાઈડર પાસે પડેલા અને તેમને માથામાં તથા હાથ–પગે ગંભીર ઈજાઓ થયેલી અને શરીરના બીજા ભાગે પણ ઈજાઓ થયેલી. ઈજાના કારણે તેઓનું મરણ થયેલું. સફેદ કલરની લકઝરી બસ હતી જેનો નંબર મને હાલ યાદ નથી નથી. પંચનામા સમયે મારી સાથે મારા મિત્રો હતા. મને આંક – ૧૧ વાળુ પંચનામું બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તેમા પંચ નં.૨ તરીકે મારી સહી છે જે હું ઓળખું છું. આ અકસ્માતવાળી જગ્યાની એકતરફ ગાયત્રી મંદિર, બીજી તરફ માતૃધામ સ્કુલ આવેલી છે.''

સદર સાહેદે બચાવપક્ષે હાથ ધરેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે, અકસ્માત થયા બાદ સ્થળ ઉપર ટોળું ભેગું થઇ ગયેલુ. એ વાત ખરી છે કે, અકસ્માત થયા બાદ થોડીવારમાં પોલીસ આવેલી. એ વાત ખરી છે કે, પોલીસે પંચનામુ કરેલું અને અંતે મને સહી કરવાનું કહેતા મે સહી કરેલી. પોલીસે મને કંઇ પુછેલ નહી. એ વાત ખરી છે કે, મીતભાઇ અમારી સોસાયટીમાં રહે છે. એ વાત ખરી નથી કે, સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું.''

(૬.૩)**આંક : ૨૩** થી જુબાની આપનાર **સાહેદ – રાવલ આશા ભાવિકકુમાર** નાઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ''બનાવ તા.૩૦/૧૨/૨૦૨૧ ના રોજ સાંજના છ થી સાડાછની વચ્ચે અમારી સોસાયટીના લોકોએ અમોને જાણ કરેલ કે, મારા સસરાં મહેન્દ્રકુમારનો અકસ્માત થયેલ છે તેવી જાણ થતાં હું તથા મારો પુત્ર ઓમ બંને જણા અકસ્માતવાળા સ્થળે ગયેલા, તે સ્થળ કલોલ ગાયત્રી મંદિરની સામે સર્વિસ રોડ ઉપર હતું. બનાવવાળા સ્થળે જઈ અમોએ પોલીસને બોલાવેલ. બનાવવાળા સ્થળે ગયેલા ત્યારે મારા સસરાં ત્યાં મરણ ગયેલ અવસ્થામાં પડેલ હતાં અને ત્યાં બાજુમાં એક એમ્બ્યુલન્સ પડેલ હતી. મારા સસરાં સાંજના સમયે ગાયત્રી મંદિરમાં આરતીમાં ગયેલા અને તેમને એક લગ્ઝરી બસવાળાએ પુરઝડપે આવી ટક્કર મારેલી, જેથી તેઓને ગંભીર ઈજાઓ થયેલી અને મરણ ગયેલા. આ લગ્ઝરી બસની લાઈટ ચાલુ ન હતી. આ લગ્ઝરી બસનો નંબર મને હાલ યાદ નથી અને તેના ચાલકને હું ઓળખતી નથી, તે પોલીસ સ્ટેશનમાં સીધો હાજર થઈ ગયેલ. આ બનાવ અંગે પોલીસે મારી પુછપરછ કરી જવાબ લીધેલો.''

સદર સાહેદે બચાવપક્ષે હાથ ધરેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, ઓમ મારો દિકરો થાય છે. એ વાત ખરી છે કે, બનાવ સમયે હું મારા ઘરે

હાજર હતી. એ વાત ખરી છે કે, બનાવ અંગેની મને કોઇ જાત માહિતી નથી. એ વાત ખરી નથી કે, સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું.''

(૬.૪) **આંક : ૨૫** થી જુબાની આપનાર **સાહેદ મોદી હર્ષકુમાર ગંગારામ** તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ''બનાવ આશરે ચારેક વર્ષ અગાઉ બનેલો. બનાવના દિવસે સાંજના છ–સાત વાગ્યાની વચ્ચે હું રીક્ષા લઈ અંબિકા બસ–સ્ટેન્ડ તરફથી ગાયત્રી મંદિરે આવતો હતો ત્યારે અચાનક અકસ્માત થયેલો મે જોયેલો, તેથી હું અકસ્માત જોવા જતાં અમારી નજીકની સોસાયટીના મહેન્દ્રભાઈ રાવલ ઈજા પામેલ હાલતમાં નીચે જમીન પર પડેલ હતાં તે મેં જોયેલું. આ મહેન્દ્રભાઈ અમારી સોસાયટીની નજીકની સોસાયટીમાં રહેતાં હોઈ, હું તેઓને ઓળખતો હતો અને આ અકસ્માત તેઓને એક લગ્ઝરી બસે કરેલ હતો અને ત્યાં એ લગ્ઝરી બસ પડેલ હતી પરંતુ, તેનો ચાલક ત્યાં હાજર ન હતો. હું મહેન્દ્રભાઈને ઓળખતો હોઈ, હું મહેન્દ્રભાઈના ઘરે રૂબરૂ જઈને અકસ્માત અંગેની જાણ કરેલી. અકસ્માત કરનાર લગ્ઝરી બસનો નંબર હાલ મને યાદ નથી. આ બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરી જવાબ લીધેલો.''

આરોપી તરફે તેમના વિ.વ.શ્રીનો વારંવાર પોકાર કરવા છતાં હાજર ન રહેતા, સદર કામે આરોપી તરફે ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૬.૫)**આંક : ૨૭** થી જુબાની આપનાર **ત.ક.અ.શ્રી દિલીપસિંહ કુંવરજી ઠાકોર** નાઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ''સને–૨૦૨૧ ની સાલમાં હું કલોલ શહેર પો.સ્ટે.માં પી.એસ.આઈ. તરીકે મારી ફરજ બજાવતો હતો તે દરમિયાન તા.૩૧/૧૨/૨૦૨૧ ના રોજ પી.એસ.ઓ. અરવિંદભાઈ નટવરભાઈનાઓએ કલોલ શહેર પો.સ્ટે. ગુ.ર.નં.૭૨૧/૨૦૨૧, ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી.એક્ટ કલમ–૧૭૭, ૧૮૩, ૧૮૪, ૧૮૭, ૧૩૪(બી) મુજબનો ગુન્હો રજીસ્ટર કરી, તપાસ સારૂ અમોને ડેપ્યુટ હુકમથી સોંપેલ. હું આજરોજ મારી સાથે અસલ ડેપ્યુટ હુકમ મારી સાથે લાવેલ છું, જે રજુ કરૂ છું, જેને રજુ દાખલ **આંક–૨૮** આપવામાં આવે છે. ત્યારબાદ મેં તપાસ સંભાળી લીધેલ, ગુન્હાના કામે મરણ જનારનું ઈન્કવેસ્ટ પંચનામું પંચો રૂબરૂ અ.હે.કો. રામજીભાઈ મંગાભાઈનાઓએ કરેલ તે મેળવીને તપાસના કામે સામેલ રાખેલ. મને ઈન્કવેસ્ટ પંચનામું બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે, તેમાં અ.હે.કો. રામજીભાઈ મંગાભાઈનાઓની રૂબરૂ તરીકે રાહી છે, જે હું ઓળખું છું, સદર પંચનામાને આંક આપવા સામે બચાવ પક્ષને વાંધો ન હોઈ, રજુ દાખલ **આંક– ૨૯** આપવામાં આવે

છે. ત્યારબાદ અમોએ આ કામે ગુન્હાવાળી જગ્યાનું પંચો રૂબરૂ પંચનામું કરેલ, તેમજ અકસ્માતમાં સંડોવાયેલ લગ્ઝરી બસ નં.જી.જે.૦૧ એફ.ટી.૯૮૯૮ ની આર.ટી.ઓ. દ્વારા યાંત્રિક તપાસ કરાવેલ, તેમજ ગુન્હા લગત સાક્ષીઓના નિવેદનો નોંધેલ. ત્યારબાદ મરણ જનારની પી.એમ.નોટ મેળવી તપાસના કામે સામેલ રાખેલ. ત્યારબાદ આ કામના આરોપી મુકેશકુમાર શંકરજી મીણા અમારી રૂબરૂ હાજર થતાં તેઓને તા.૨૦/૦૧/૨૦૨૨ ના રોજ અટક કરી, જરૂરી કાયદેસરની કાર્યવાહી કરી, ગુન્હો જામીનલાયક હોઈ, તેઓના જામીન મેળવીને જામીન ઉપર મુક્ત કરેલ. ત્યારબાદ તપાસના અંતે આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો પડતો હોઈ, નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલુ. આરોપીનેજોયેથી ઓળખી શકું, જે આજરોજ કોર્ટમાં હાજર નથી. આરોપી તરફે તેમના વિ.વ.શ્રીએ ઓળખની તકરાર જતી કરી આરોપી તરફે મુક્તિ રીપોર્ટ આપેલ છે.''

સદર સાહેદે બચાવપક્ષે હાથ ધરેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાએ હાઈ–વે રોડ આવેલ છે અને ત્યાં સતત વાહનોની અવર–જવર ચાલુ રહે છે. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાના આજુબાજુના દુકાનવાળાઓના સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. એ વાત ખરી છે કે, લગ્ઝરી બસના માલિકનું નિવેદન આ કામે લીધેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીનું ડ્રાઈવીંગ લાયસન્સ ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે, આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં આરોપીને ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટું ચાર્જશીટ કરેલ છે.''

**રેકર્ડ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–**

**(૦૭)** ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ મૌખિક પુરાવાનું તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતાં તેમજ તેની સાથે ઉભય પક્ષકારો તરફે કરાયેલ વિસ્તૃત મૌખિક દલીલો ધ્યાને લેતાં તેમજ હાથ ઉપર રહેલ કેસનું રેકર્ડ વંચાણે લેતાં સ્પષ્ટ થાય છે કે, આ કામના આરોપીઓ વિરૂદ્ધ **ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૭૯, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ ૧૭૭, ૧૮૩, ૧૮૪, ૧૮૭, ૧૩૪(બી)** મુજબના ગુન્હાનો આરોપ રહેલ છે. ફોજદારી કાયદાશાસ્ત્રના પ્રસ્થાપિત સિદ્ધાંત અનુસાર આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુનાહિત કૃત્યની હકીકતો ફરિયાદ પક્ષ દ્વારા વાજબી શંકાથી પર પુરવાર કરવી જોઈએ.

(૦૮) આ કામે ઉપરોક્ત રજુ થયેલ પુરાવા સાથે કાયદાના સિદ્ધાંતો ધ્યાને લેતાં ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિદ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે, જ્યારે સોગંદ ઉપર જુબાની આપે છે, ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચું જ બોલતાં હોય છે, સિવાય કે તેનાથી વિરૂદ્ધની હકીકતો સાબિત કરવામાં આવે. જ્યાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ન આવે કે, સાહેદને ખોટું બોલવા કોઈ કારણ છે, ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. "પુરાવાનું મૂલ્યાંકન" શબ્દને પુરાવાના કાયદામાં ક્યાંય વ્યાખ્યાબદ્ધ કરવામાં આવેલ નથી કે, તે માટે કાનૂન સમર્થિત કોઈ નિયમ નથી. પુરાવાનું મૂલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારિત હોય છે. ક્રિમીનલ જસ્ટીસ સિસ્ટમમાં સત્ય શું છે ? તેનો નિર્ણય કરવા માટે ફરિયાદ પક્ષ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે. પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોક્કસ નિયમો ઘડવામાં આવેલ નથી, કારણ કે, દરેક કેસની હકીકતો, સંજોગો, પરિસ્થિતિ, પ્રકાર, પુરાવો તથા આજુબાજુના પરિબળો તે તમામે–તમામ ભિન્ન–ભિન્ન પ્રકારના હોય છે. પુરાવાના મૂલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલી સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારિત છે.

ફોજદારી કાર્યવાહીમાં સામાન્ય રીતે પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહે છે. ફરિયાદ પક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે, તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીના તમામ તબક્કે પુરાવાનો બોજો ક્યારેય આરોપી ઉપર ખસતો નથી. ફરિયાદ પક્ષે માત્ર સંભવિતતા જ દર્શાવવાની હોતી નથી પરંતુ, આરોપી પરનું તહોમત નિઃશંકપણે વાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદોનો લાભ લેવા માંગતા હોય તો પણ તેમણે પુરાવાના કાયદાની કલમ–૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે, આરોપીએ અપવાદ માહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

(૦૯) ઉપરોક્ત ચર્ચા કર્યાનુસાર, ફરિયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાને ધ્યાને લેતાં, ફરિયાદ પક્ષે તપાસેલ ફરિયાદી – ઓમ ભાવિકકુમાર રાવલ જુબાની વંચાણે લેતાં, તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ તા.૩૦/૧૨/૨૦૨૧ ના રોજ સાંજે સાત વાગ્યે ફરિયાદી તથા તેમના માતા બજારમાંથી ઘર તરફ જતાં

હતાં ત્યારે તેમના ઘરથી નજીક આવેલ રોડ ઉપર લોકોનું ટોળું ભેગું થયેલું હતું. તેથી, તેમને લાગેલ કે, કોઈ અકસ્માત થયેલ છે, ત્યારે ટોળામાંથી લોકો વાતો કરતાં હતાં કે, તેમની સોસાયટીમાંથી કોઈ વ્યક્તિનો અકસ્માત થયેલો છે, તેથી ફરિયાદી અને તેમની માતા તેમનું એક્ટીવા પાર્ક કરી અકસ્માત જોવા ગયેલા અને અમદાવાદ–મહેસાણા હાઈ–વે પર એક બસ ઉભેલી હતી અને ઈજા પામનાર વ્યક્તિ ઉંધો પડેલ હતો અને જે વ્યક્તિનો અકસ્માત થયેલો હતો તે ફરિયાદીના દાદા હતાં." સદર ફરિયાદીની સરતપાસ અનુસંધાને ફરિયાદીની માતા આશાબેન રાવલની આંક–૨૩ થી રજુ સરતપાસ ધ્યાને લઈએ તો તેઓએ જણાવેલ છે કે, "બનાવ તા.૩૦/૧૨/૨૦૨૧ ના રોજ સાંજના છ થી સાડાછની વચ્ચે અમારી સોસાયટીના લોકોએ અમોને જાણ કરેલ કે, મારા સસરાં મહેન્દ્રકુમારનો અકસ્માત થયેલ છે તેવી જાણ થતાં હું તથા મારો પુત્ર ઓમ બંને જણા અકસ્માતવાળા સ્થળે ગયેલા, તે સ્થળ કલોલ ગાયત્રી મંદિરની સામે સર્વિસ રોડ ઉપર હતું. બનાવવાળા સ્થળે જઈ અમોએ પોલીસને બોલાવેલ. બનાવવાળા સ્થળે ગયેલા ત્યારે મારા સસરાં ત્યાં મરણ ગયેલ અવસ્થામાં પડેલ હતાં અને ત્યાં બાજુમાં એક એમ્બ્યુલન્સ પડેલ હતી." આમ, ફરિયાદીની સરતપાસ તથા ફરિયાદીની માતા આશાબેનની સરતપાસની ઉપરોક્ત વિગતો ધ્યાને લેતાં બનાવ સ્થળે પહોંચવા માટેની હકીકતો બાબતે મહત્વનો વિરોધાભાસ આવે છે.

વધુમાં, સદર બંને સાહેદોની જુબાનીનું વિશ્લેષણ કરીએ તો ફરિયાદી તેમની સરતપાસમાં જણાવે છે કે, અકસ્માતવાળા સ્થળ ઉપર ભેગા થયેલા ટોળાએ જણાવેલ કે, બસ પુરઝડપમાં હતી. સદર ફરિયાદી તેમની ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, અકસ્માતવાળો બનાવ મેં નજરે જોયેલ નથી અને હું અકસ્માતવાળા સ્થળે પહોંચ્યો ત્યારે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા. બનાવવાળા સ્થળે હું અને મારી માતા તથા પાડોશીઓ પહોંચેલા અને તેમના કહેવાથી ફરિયાદ આપેલી. આમ, ઉલટ તપાસની આવી હકીકતો ધ્યાને લેતાં ફરિયાદીએ બનાવ નજરોનજર જોયેલ નથી અને ફરિયાદીના કહેવા મુજબ ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા. તે જ રીતે ફરિયાદીની માતા પણ તેમની ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, બનાવ અંગેની તેઓને કોઈ જાત માહિતી નથી. આમ, સદર બંને સાહેદોની જુબાની ધ્યાને લેતાં તેઓ બંનેએ બનાવ નજરે જોયેલ નથી, તેથી બનાવ કેવી રીતે બન્યો, કોના દ્વારા બન્યો, કોની બેદરકારીથી બન્યો તે બાબતે તેઓની જુબાનીથી માની શકાય તેમ નથી.

વધુમાં, ફરિયાદી જણાવે છે કે, ફરિયાદ લીધા બાદ પોલીસે તેમને બોલાવી આરોપીની ઓળખ કરાવેલી. તે બાબતે જોઈએ તો જ્યારે અકસ્માતવાળા વાહનનો ડ્રાઈવર/આરોપી ત્યાં સ્થળ ઉપર હાજર જ ન હતો અને નાસી ગયેલો તેવું ફરિયાદી તેમની સરતપાસમાં જણાવે છે અને ફરિયાદીએ બનાવ નજરોનજર જોયેલ નથી, તેવા સંજોગોમાં ઓળખ પરેડ બાબતની હકીકત માની શકાય તેમ નથી.

વધુમાં, ફરિયાદ પક્ષના સાહેદ હર્ષકુમાર ગંગારામ મોદીની સરતપાસ ધ્યાને લેતાં તેઓએ અકસ્માતવાળા વાહનની સ્પીડ બાબતે, અકસ્માતવાળા વાહનના ડ્રાઈવર બાબતે, અકસ્માતવાળા વાહનના ડ્રાઈવરની બેદરકારી બાબતે, અકસ્માતવાળા વાહનના ડ્રાઈવરની ઓળખ બાબતે, અકસ્માતવાળા વાહનના નંબર બાબતે કંઈ જણાવેલ નથી, તેવા સંજોગોમાં સદર સાહેદનો પુરાવો ફરિયાદ પક્ષને સમર્થનકર્તા બની શકે તેમ નથી.

વધુમાં, ફરિયાદીની જુબાની જોતાં ફરિયાદી જણાવે છે કે, બનાવવાળા સ્થળે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા, ત.ક.અધિકારીશ્રી પણ તેમની ઉલટ તપાસમાં જણાવે છે કે, બનાવવાળી જગ્યા હાઈ-વે રોડ છે અને ત્યાં વાહનોની સતત અવર-જવર ચાલુ રહે છે અને બનાવવાળી જગ્યાની પાસે આવેલ દુકાનો આવેલ છે, તે ધ્યાને લેતાં પણ બનાવવાળી જગ્યાએ હાજર સાહેદોના નિવેદનો ત.ક.અધિકારી લઈ શકેલ હોત પરંતુ, તેમ થયેલ નથી.

વધુમાં, ફરિયાદ પક્ષે આંક-૧૦ ના પંચ સાહેદ- મીત મુકેશભાઈ પટેલની સરતપાસ ધ્યાને લેતાં તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, "બનાવ વર્ષ - ૨૦૨૧ મા બનેલો. બનાવ સાંજના છ-સાત વાગ્યાની આસપાસ બનેલો. બનાવ વખતે હું સ્થળ ઉપર હાજર હતો. મારા પિતાજી ત્યાં તેમના મિત્રની ઓફિસે બેઠેલા હોઈ. તેથી હું તેમને મળવા ગયેલો. ત્યારે મહેસાણાથી અમદાવાદ તરફ જતી એક બસ પુરઝડપે આવી મહેન્દ્રભાઈ રાવલને અકસ્માત કરેલો. આ બસની હેડલાઈટ બંધ હતી. મહેન્દ્રભાઈને અકસ્માત થતાં તેઓ રોડ ઉપર ડીવાઈડરની બાજુમાં પડેલ હતાં અને મે જોયેલ તો તેઓને શરીરે ઘણી ઈજાઓ થયેલી હતી. તેઓને માથા ઉપર તથા હાથ-પગ ઉપર ગંભીર ઈજાઓ થયેલી હતી. તેઓને માથામાંથી લોહી નીકળતું હતુ. પંચનામા વખતે મારી સાથે જીગર ચંદ્રકાન્ત શાહ હતાં. અકસ્માતવાળી જગ્યાની સામેની બાજુએ રોડ ઉપર ગાયત્રી મંદિર હતું અને અકસ્માતવાળી બાજુએ ખોડીયાર ભોજનાલય આવેલ છે. મને અસલ પંચનામું બતાવવામાં આવે છે તે જોઈને કહુ છું કે તેમા પંચ નં.૧ તરીકે મારી સહી છે જે હું ઓળખું છું, જેને રજુ દાખલ **આંક-૧૧** આપવામાં આવે છે. અકસ્માતવાળી જગ્યાએ બસ હતી જે સફેદ કલરની

હતી. અકસ્માત મેં નજરે જોયેલ હતો. અકસ્માતવાળી બસ પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી રહેલ અને તેને ડ્રાઈવર અકરમાત થતાં ભાગી ગયેલો.''

વધુમાં, ફરિયાદ પક્ષે આંક–૧૨ ના પંચ સાહેદ– મીત મુકેશભાઈ પટેલની સરતપાસ ધ્યાને લેતાં તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે,"''બનાવ તા.૩૦/૧૨/૨૦૨૨ ના રોજ બનેલો, હવે કહું છું કે, ના રોજ બનેલો. બનાવ સમયે હું નાગછાયા નામના પાનના ગલ્લે ઉભેલ હતો. અકસ્માતવાળો છું કે, અકસ્માત તા.૩૦/૧૨/૨૦૨૧ બનાવ સાંજના ૦૬.૩૦ થી ૦૭.૦૦ વાગ્યાની વચ્ચે બનેલો. બનાવ મે નજરે જોયેલો. અકસ્માતવાળો બનાવ અમદાવાદ–મહેસાણા હાઈવે ઉપર બનેલો. લક્ઝરી બસ અમદાવાદ તરફથી છત્રાલ તરફ જતી હતી અને અકસ્માતવાળી જગ્યાએ પુરઝડપે આવતી હતી અને મહેન્દ્રભાઈને ટક્કર મારેલી. ટક્કર વાગવાથી મહેન્દ્રભાઈ ઉછળીને નીચે રોડ ઉપર ડીવાઈડર પાસે પડેલા અને તેમને માથામાં તથા હાથ–પગે ગંભીર ઈજાઓ થયેલી અને શરીરના બીજા ભાગે પણ ઈજાઓ થયેલી. ઈજાના કારણે તેઓનું મરણ થયેલું. સફેદ કલરની લકઝરી બસ હતી જેનો નંબર મને હાલ યાદ નથી નથી."

ઉપરોક્ત બંને પંચ સાહેદોની સરતપાસ અનુસંધાને રજુ આંક–૧૧ નું પંચનામું ધ્યાને લઈએ તો તે પંચનામામાં ઉપરોકત બંને પંચ સાહેદોએ જણાવેલ કોઈ જ હકીકતનું વર્ણન કરવામાં આવેલ નથી. સદર પંચનામાંની વિગતોમાં લખવામાં આવેલ છે કે, "અત્રે હાજર આ કામના ફરિયાદી અમો પંચો રૂબરૂ જણાવે છે કે, તા.૩૦/૧૨/૨૦૨૧ ના રોજ સાંજના આશરે પોણા–સાતેક વાગ્યાના સમયે તેઓના દાદા મહેન્દ્રકુમાર ઉમિયાશંકર રાવલ, ઉ.વ.૭૫ નાઓ રસ્તો ક્રોસ કરતાં હતા ત્યારે એક લગ્ઝરી બસ નં.જી.જે.૦૧ એફ.વાય.૯૮૯૮ ના ચાલકે ટક્કર મારતા શરીરે માથાના ભાગે ગંભીર ઈજા થવાના કારણે મરણ ગયેલ હોવાનું અમો પંચો રૂબરૂ જણાવે છે."

આમ, સદર બંને પંચ સાહેદોની સરતપાસ તથા તેઓએ લખાવેલ પંચનામાંની વિગતો ધ્યાને લેતાં તદ્દન વિંરોધાભાસી હકીકતો જણાવવામા આવેલ છે, તેવા સંજોગોમાં સદર બંને પંચ સાહેદોનો પુરાવો કોઈપણ સંજોગોમાં ફરિયાદ પક્ષને મદદરૂપ બની શકે તેમ નથી.

(૧૦) આમ, ઉપરોક્ત રજુ લેખિત તેમજ મૌખિક પુરાવો ધ્યાને રાખી જોતાં ફરિયાદી તેમજ ફરિયાદીની માતા આશાબેન તે હિયર્સે છે. બંને પંચ સાહેદોની જુબાની પંચનામાંથી બિલકુલ વિપરિત છે. અન્ય સાહેદ હર્ષકુમાર ગંગારામ મોદીની જુબાની ધ્યાને લેતાં

તેઓએ આરોપીની ઓળખ બાબતે, વાહનના નંબર બાબતે, વાહનની સ્પીડ બાબતે, વાહનચાલક/આરોપીની બેદરકારી બાબતે કંઈ જ જણાવેલ નથી. તેવા સંજોગોમાં ફરિયાદ પક્ષનો કેસ પુરવાર માની શકાય તેમ નથી.

(૧૧) ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ તમામ પુરાવાઓ હાલના કેસને પુરવાર કરવા માટે ખૂબ જ અપુરતા છે. ફરિયાદ પક્ષે આરોપી સામે જે આક્ષેપ મુકેલ છે તેનો પુરાવો તેમને રેકર્ડ પર રજુ કરેલ નથી. આરોપી સામે જે મુજબનો ગુન્હો કર્યાનો આક્ષેપ છે તે ધ્યાને લેતાં એ સ્પષ્ટ થાય છે કે, ફરિયાદ પક્ષ દ્વારા રેકર્ડ પર રજુ થયેલ મૌખિક પુરાવો ખૂબ જ વિરોધાભાસી છે. ફરિયાદીની જુબાનીની ગુણવત્તા આરોપી સામે હાલનો કેસ વાજબી શંકાથી પર પુરવાર કરવા ખૂબ જ અપુરતી છે. **ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૭૯,૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ ૧૭૭, ૧૮૩, ૧૮૪, ૧૮૭, ૧૩૪(બી)** ની જોગવાઈઓના આવશ્યક તત્વો ફરિયાદ પક્ષ આરોપી સામે કડીબદ્ધ રીતે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૧૨) ફરિયાદ પક્ષે આરોપી સામેનો કેસ સચોટ, કડીબદ્ધ અને વિશ્વસનીય પુરાવાને આધારે વાજબી શંકાથી પર પુરવાર કરવાનો રહે છે. જે પ્રસ્થાપિત સિદ્ધાંતો અનુસાર આરોપી વિરૂદ્ધ ગુન્હો પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. આમ, ફરિયાદ પક્ષ આરોપીએ **ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૭૯,૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ ૧૭૭, ૧૮૩, ૧૮૪, ૧૮૭, ૧૩૪(બી)** મુજબનો ગુન્હો કર્યાનું વાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય, **મુદ્દા નં.૧** નો નિર્ણય નકારાત્મક ઠરાવી **મુદ્દા નં.૨** પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // આખરી હુકમ //

- આ કામના આરોપીને **ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૧)** અન્વયે **ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૭૯, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ ૧૭૭, ૧૮૩, ૧૮૪, ૧૮૭, ૧૩૪(બી)** મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

➢ આરોપીએ અપીલ સમય સુધીના રૂ.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરાંના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકાં રજુ રાખવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ **૦૮** માહે **એપ્રિલ**, સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| **તા.૦૮/૦૪/૨૦૨૬**<br>**સ્થળઃ કલોલ.** | **( નરેન્દ્રકુમાર જેઠાલાલ નાચી)**<br>**અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,**<br>**મુ. કલોલ, જી. ગાંધીનગર.**<br>**UIC No. GJ 00894** |